દેના બેંક,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, બેંક ઓફ બરોડા, આઈ.ડી.બી.આઈ.બેંકની ગાંધીનગરની શાખાને સાયબર ટ્રેઝરી અન્વયે ઈ–પેમેન્ટથી મળતી રોયલ્ટીની આવક તા.૧/૧/૨૦૧૪ થી સ્વીકારવાની મંજૂરી આપવા બાબત.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/ટી.આર./ ૪૫૫-૬૮
તારીખ :૦૮– ૦૧ –૨૦૧૪

પરિપત્ર નંબર : ૨/૨૦૧૪

નાણા વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૩ પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૩/યુઓ-૨૦/ઝ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૬/૧૨/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:પીઆરસીએચ–૧૦૨૦૦૯ –૨૩૭-છ થી મળેલ મંજૂરી અન્વયે નીચે મુજબની છ (૬) બેંકોને સાયબર ટ્રેઝરી દ્વારા ઈ–પેમેન્ટથી મળતી રોયલ્ટીની આવકો સ્વીકારવાની મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ માત્ર ઈ–પેમેન્ટથી રોયલ્ટીની આવક સ્વીકારવા અંગેની બેંક શાખાનું નામ તેમજ તેને સંલગ્ન સાયબર તિજોરી કચેરીની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | બેંકનું નામ | સંલગ્ન બેંકની શાખાનું નામ | સંલગ્ન જિલ્લા તિજોરી કચેરીનું નામ |
|---|---|---|---|
| ૧. | દેના બેંક | પોસ્ટ ઓફિસ સામે, સેક્ટર-૨૨,ગાંધીનગર-૩૮૨૦૨૨ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૨. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | ગાંધીનગર મેઇન બ્રાન્ચ, સેકટર-૧૦બી,ગાંધીનગર | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| 3. | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | પ્લોટનં.૩૧૪, શોપીંગસેન્ટર, ઘ-પરોડ,સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૪. | ઈન્ડિયન ઓવરસીઝ બેંક | પ્લોટનં.૩૮૩, ઘ-રોડ, સેકટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |

| | | | |
|---|---|---|---|
| ૫. | બેંક ઓફ બરોડા | વિધાનસભા બ્રાન્ચ,ઘ-૪, ઉધોગ ભવન પાસે, સેકટર-૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૧ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |
| ૬. | આઈ.ડી.બી.આઇ. બેંક | સુપર મોલ, ઇન્ફોસીટી, ઘ-૦ સર્કલ પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૯ | જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર |

**સરકારી કામકાજ સંભાળતી ઉક્ત બેંકો ને તા.૧/૦૧/૨૦૧૪ થી રોયલ્ટીની આવકો સ્વીકારવા નીચે મુજબની શરતો પુર્ણ કરવાની શરતે મંજુરી આપવામા આવે છે.**

- ➢ રાજ્ય સરકારની નીતિ અન્વયે રોયલ્ટીની નિયત મર્યાદા કરતાં વધુ રકમો ઈ–પેમેન્ટ દ્વારા સ્વીકારવાની રહેતી હોઈ ઉક્ત બેંકો ની આ માટેની ઉપલબ્ધ વેબ સાઈટ ઉપર પ્રથમ ઈ–પેમેન્ટનું ઈન્ટરફેસ ઉભું કરી હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના ઈડીપી સેલ અને ટીસીએસના સંપર્કમાં રહીને જરૂરી ટેસ્ટીગ કરવાનું રહેશે.
- ➢ ટેસ્ટીગ સફળતા પૂર્વક પૂર્ણ થયે તેની ખાત્રી તિજોરી અધિકારીશ્રી તથા કમિશ્નરશ્રી,ભુસ્તર વિજ્ઞાનની કચેરીમાંથી કર્યા બાદ સાયબર ટ્રેઝરી દ્વારા નાણાં સ્વીકારવાની શરૂઆત કરવા અંગે નાણા વિભાગ, કમિશ્નરશ્રી,ભુસ્તર વિજ્ઞાનની કચેરી ગાંધીનગર, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને તેની જાણ કરવાની રહેશે.
- ➢ ઈ–પેમેન્ટથી સ્વીકારેલ રોયલ્ટીની આવકોના તમામ ઈ–ચલન તેમજ ઈ–સ્ક્રોલ તથા ફીઝીકલ ફોર્મમાં ચલન તથા સ્ક્રોલ સાયબર ટ્રેઝરી તરીકે કામ કરતી જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને નિયમિત રીતે મોકલવાના રહેશે.
- ➢ ઈ–પેમેન્ટથી સ્વીકારાયેલ રોયલ્ટીની આવકો નિયત સમયમર્યાદામાં આર.બી.આઈ. માં સેટલમેન્ટ કરવાની રહેશે. અન્યથા પેનલ્ટી ચૂકવવાની રહેશે.
- ➢ ઉક્ત બેંકો દ્વારા ભુસ્તર વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર સાથે પરામર્શ કરી મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સીસ્ટમ અન્વયે યોગ્ય પેકેજ તૈયાર કરી જરૂરીયાત મુજબ વેપારીવાર, યુનિટવાર, વિભાગવાર, વર્તુળવાર વિગેરે પત્રકો તૈયાર કરીને સંબંધિત સક્ષમ અધિકારીઓને રોજેરોજ હાર્ડકોપી તથા સોફટવેરને અનુરૂપ સોફટ કોપી સહિત પૂરા પાડવાના રહેશે.
- ➢ ઉક્ત બેંકો દ્વારા સ્વીકારાયેલ રાજ્ય સરકારશ્રીની રોયલ્ટીની આવક રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની વખતોવખતની ગાઈડ લાઈન / સુચના મુજબની સમયમર્યાદામાં આર.બી.આઈ.માં જમા કરાવવાની રહેશે. અન્યથા બેંકે નિયત કરાયેલ વ્યાજ / દંડકીય વ્યાજ ચૂકવવાનું રહેશે. (આરબીઆઈ તેમજ અત્રેના પરિપત્રની નકલ સામેલ છે).

➢ ઉક્ત બેંકો દ્વારા નિયત થયેલ સમયમર્યાદામાં તારીખવાર થયેલ વ્યવહારોનું માસિક પત્રક (DATE WISE MONTHLY STATEMENT) તિજોરી કચેરીએ સ્વીકારેલ દૈનિક સ્ક્રોલ / પાસબુક મુજબ જ તૈયાર થયેલ છે. તેની ખાત્રી કરીને તિજોરી કચેરી ગાંધીનગરને મોકલી આપવાના રહેશે અને તિજોરી કચેરી ગાંધીનગરે બેંકે મોકલેલ માસિક પત્રકની તિજોરી કચેરીના રેકર્ડ સાથે કાળજી પૂર્વક ચકાસણી કરી બરાબર માલુમ પડે તો તેને અધિકૃત કરી, ઉક્ત બેંકો ને પરત કરવાનું રહેશે. જે તે બેંકે આ રીતે અધિકૃત થયેલ પત્રક (VERIFIED DATE WISE MONTHLY STATEMENT-VDMS) લીક બ્રાન્ચ મારફતે નિયત થયેલ સમય મર્યાદામાં અમદાવાદ ખાતેની રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પબ્લીક એકાઉન્ટસ ડીપાર્ટમેન્ટને મોકલી આપવાના રહેશે.

➢ ઈન્સ્ટ્રુમેન્ટ વ્યવહારો અંગે નિયત થયેલ કમિશનની રકમ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચુકવવાની રહેશે. આ અંગેના વ્યવહારો અંગે રાજ્ય સરકારની કમિશનની ચૂકવણી અંગે કોઈ જવાબદારી રહેશે નહી.

➢ રોયલ્ટી જમા કરાવવા માટે વેપારીઓ/ નાગરીક માટે જે તે બેંકમાં ખાતું ખોલાવવાનું ફરજીયાત નથી. તેઓ તેમની જૂની બેંકમાં ખાતુ ચાલુ રાખી શકશે.

➢ દરેક માસની પહેલી તારીખે આગળના માસ દરમ્યાન સ્વીકારાયેલ આવકની વિગતો દર્શાવતું આર.બી.ડી. સ્ટેટમેન્ટ એટલે કે Datewise Monthly Statement (DMS) જરૂરી સંમતિ માટે સંલગ્ન જિલ્લા તિજોરી કચેરીને મોકલવામાં આવે છે. તેવી જ રીતે તેની સાથોસાથ ઈ-પેમેન્ટથી સ્વીકારાયેલ આવકોનું DMS જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરને મોકલવાનું રહેશે.

**તિજોરી કક્ષાની કામગીરી :-**

➢ તિજોરી અધિકારીઓએ સ્ટેટમેન્ટ ઓફ રીસીપ્ટ સાથે VDMS (VERIFIED DATE WISE MONTHLY STATEMENT ) નકલ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદને બે નકલમાં માસિક હિસાબ સાથે નિયત કરેલ સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.

આથી જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરને ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા/ કરાવવા સૂચના આપવામાં આવે છે.

નિયામક

**નકલ સવિનય રવાના:-**

૧. સંયુકત સચિવશ્રી, (પેન્શન-તિજોરી) નાણાં વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર - આપના તા. ૧૧/૧૧/૨૦૧૩ના પત્ર અન્વયે જાણ સારું.

૨. ડાયરેકટર, ઈન્સ્ટીટયુશનલ ફાયનાન્સ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. મેનેજર-પીએડી, રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ

૪. એકાઉન્ટન્ટ જનલરશ્રી (એ એન્ડ ઈ) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ તરફ જાણ સારુ

૫. ચીફ મેનેજરશ્રી, દેના બેંક, પોસ્ટ ઓફિસ સામે, સેકટર-૨૨, ગાંધીનગર ૩૮૨ ૦૨૨

૬. ચીફ મેનેજરશ્રી,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, નવા સચિવાલય સામે, સેક્ટર–૧૦ બી, મેઈન બ્રાંચ, ગાંધીનગર.

૭. ચીફ મેનેજરશ્રી,યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, પ્લોટ નં–૩૧૪, શોપિંગ સેન્ટર, ઘ–૫ રોડ, સેકટર–૧૭, ગાંધીનગર

૮. ચીફ મેનેજરશ્રી,ઈન્ડિયન ઓવરસીઝ બેંક, પ્લોટ નં–૩૮૩,ઘ–રોડ ,સેકટર–૧૬, ગાંધીનગર

૯. ચીફ મેનેજરશ્રી,બેંક ઓફ બરોડા, વિધાનસભા બ્રાંચ,ઘ–૪,ઉધોગ ભવન પાસે, સેકટર–૧૧, ગાંધીનગર

૧૦ ચીફ મેનેજરશ્રી,આઈ.ડી.બી.આઈ. બેંક સુપર મોલ ઈન્ફોસીટી ,ઘ–૦ સર્કલ પાસે , ગાંધીનગર

૧૧. ચીફ મેનેજરશ્રી,જનરલ મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, હેડ ઓફિસ, ભદ્ર, અમદાવાદ–૩૮૦૦૦૧

૧૨. કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાનની કચેરી, બ્લોક નં.૧/૨, ૭ મો માળ ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ–</u>

૧૩. સંયુકત નિયામકશ્રી, ઈ.ડી.પી.સેલ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.

૧૪. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ.

૧૫. તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા ઘટિત થવા સારુ.